**Divya Bhaskar (City Bhaskar)**

**Edition:** Vadodara | **Date:** 16th February, 2013 | **Page No.:** 04

# કાસ્ટિંગ કાઉચ બોલિવૂડનો જૂનો ટ્રેન્ડ



## પેઈન્ટિંગ સ્પર્ધામાં ગેસ્ટ બનેલી મોડલ મોસમી

**સિટી રિપોર્ટર** . વડોદરા

‘બોલીવુડમાં ચહેરો જાણીતો હોય કે પછી ડેસ્પરેટ નવોદીત હોય તમામ લોકોને કેરીયરના એકાદ તબ્બકે કાસ્ટિંગ કાઉચનો સામનો કરવો પડે છે. મને અત્યાર સુધી ઘણી વખત આ પ્રકારના અનુભવો થઈ ગયા છે. આને એક ટ્રેન્ડ ગણાવવામાં કોઈ અતિશયોક્તિ નથી. આ એક હકીકતછે જેને તમારે ફેસ કરવી જ પડે છે. અલબત્ત જો તમે સ્ટાર સંતાન હો તો આ પ્રકારની કોઈપણ વર્તણૂક કરવાની કોઈ હિંમત નથી કરતું.’ આ શબ્દો છે જાણીતી મોડલ મોસમી ઉદેશીના, જે આજે વીસીસીઆઈની બીજા દિવસે યોજાયેલી પેઈન્ટિંગ કોમ્પિટીશનમાં સેલિબ્રીટી ગેસ્ટ તરીકે હાજર રહી હતી. તે મોડેલિંગ કરે છે અને સાઉથની ફિલ્મોનો જાણીતો ચહેરો છે.

મોસમી ઉદેશીએ જણાવ્યું હતું કે, ‘હું પાછળા 10 વર્ષોથી ઈન્ડસ્ટ્રીનો હિસ્સો છું. હું આઈટમ નંબર્સથી ઈમેજ બનાવવી નથી એટલે હજુ સુધી તેનાથી દુર રહી છું. મને આર્ટ ઝન્રેની ફિલ્મો એટલે કે પેરેલલ સિનેમા પસંદ છે. જે રીતે શ્યામ બેનેગલની ફિલ્મોમાં સ્મિતા પાટિલ જોવા મળે છે તેવી રીતે મારું પોટ્રેયલ થાય તો મને ગમશે. હાલમાં જ મે આ પ્રકારની ફિલ્મ ‘પરાકાષ્ઠા’ કરી છે. તે ઓફબીટ છે. અનેક ફિલ્મ ફેસ્ટમાં દર્શાવાઈ છે.